શાકભાજીના પૈસાની લેતી-દેતીમાં હત્યા કેસમાં આરોપીને આજીવન કેદ

ફરિયાદી સહિત ત્રણ જણાં ફરી જતાં કોર્ટે કારણ દર્શાવ નોટિસ કાઢી

સુરતઃ સચીન જીઆઇડીસી વિસ્તારમાં શાકભાજીના પૈસાની લેતી-દેતી બાબતે થયેલા ઝઘડા બાદ લાકડાના ફટકા અને ચપ્પુના ઘા મારી બાગેશ્વર ઉર્ફે હિરો રાજકુમાર રાયની હત્યા કરવાના કેસમાં આરોપી શત્રુઘ્ન શ્રીરામકિશુન નિષાદને સેશન્સ કોર્ટે દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી. આ કેસની હકીકત મુજબ તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ સચિન જીઆઇડીસીના બરફ ફેક્ટરી ચાર રસ્તા પાસે પ્રીતિ મોબાઇલની સામે શાકભાજીના પૈસાની લેતી-દેતી બાબતે બાગેશ્વર ઉર્ફે હિરો સાથે આરોપીનો ઝઘડો થયો હતો. ફરિયાદ પક્ષના કેસ મુજબ આરોપીએ લાકડાંના ફટકા-ચપ્પુ વડે બાગેશ્વરને ગંભીર ઇજાઓ પહોંચાડી હતી અને સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. સરકાર પક્ષે એપીપી દિપેશ દવે કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે પુરાવા, તબીબી પુરાવા અને અન્ય રેકોર્ડનું મૂલ્યાંકન કર્યા બાદ આરોપી શત્રુઘ્નને આજીવન કેદ અને રૂપિયા ૫ હજારનો દંડ ફટકાર્યો હતો. આ કેસમાં ફરિયાદી દુષ્યંતકુમાર શોભનાથ પટેલ, સાહેદ રાજીવકુમાર શોભનાથ પટેલ અને નીરજ કેસરવાનીએ સોગંદ ઉપર ઇરાદાપૂર્વક ખોટો પુરાવો આપવા બદલ અને આરોપીને મદદ કરવા બદલ તેઓની સામે ક્રિ.પ્રો.કો.કલમ-૩૪૪ મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કેમ ન કરવી? તેનું કારણ દર્શાવવા કોર્ટમાં આગામી તા.૨૭/૦૮/૨૦૨૬ નાં રોજ રૂબરૂ હાજર રહેવા નોટિસ કાઢવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

સુરત પોલીસમાં રાજકીય દખલગીરી પરાકાષ્ઠાએ

‘નેતાજી ચલાવે છે પોલીસ થાણું!’

ઉધના રેલવે સ્ટેશન બહાર ચાલતા આંકડાના અડ્ડા પર દરોડો પાડવા જતાં ડી-સ્ટાફના કોન્સ્ટેબલની તાત્કાલિક બદલી કરાવાઇ

સ્થાનિક ચુંટાયેલા પ્રતિનિધિના કહેવાથી પીઆઇએ કાર્યવાહી કરી હોવાની પોલીસ બેડામાં ભારે ચર્ચા, ઉચ્ચ અધિકારીઓ સુધી વહીવટની ફરિયાદો પહોંચી

સુરતઃ સુરતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાની જવાબદારી જેમના શિરે છે તે પોલીસ તંત્ર જાણે રાજકીય આકાઓના ઈશારે ચાલી રહ્યું હોય તેવો ઘાટ સર્જાયો છે. શહેરના અત્યંત સંવેદનશીલ અને મહત્ત્વપૂર્ણ ગણાતા ઉધના વિસ્તારમાં કાયદાનું પાલન કરાવવું એક પ્રામાણિક પોલીસ જવાનને ભારે પડી ગયું છે. ઉધના રેલવે સ્ટેશન બહાર ખુલ્લેઆમ ચાલતા આંકડાના જુગારધામ પર કાર્યવાહી કરવા ગયેલા ડી-સ્ટાફના કોન્સ્ટેબલની રાજકીય આગેવાનના દબાણવશ તાત્કાલિક બદલી કરી દેવાતાં સમગ્ર પોલીસ બેડામાં ભારે ચર્ચા જાગી છે.

મળતી વિગતો મુજબ, ઉધના રેલવે સ્ટેશન વિસ્તારમાં સલીમ નામનો ઈસમ લાંબા સમયથી ખુલ્લેઆમ આંકડાની ચિઠ્ઠી અને જુગારનો અડ્ડો ચલાવી રહ્યો છે.

સ્થાનિક ડી-સ્ટાફના કોન્સ્ટેબલે કાયદા મુજબ કાર્યવાહી કરી આ અડ્ડો બંધ કરાવવા સલીમને ઠપકાર્યો હતો. જોકે, આ જુગારધામ પાછળ એક વર્ચસ્વશાળી રાજકીય આગેવાનની સીધી ભલામણ અને હાથ હોવાનું કહેવાય છે.

આથી, જવાનની કાર્યવાહીથી નારાજ થયેલા આ રાજકીય નેતાએ સીધો પોલીસ સ્ટેશનના પી.આઈ.નો સંપર્ક કરી પોતાની વગ બતાવી હતી અને મિનિટોમાં જ પેલા પ્રામાણિક કોન્સ્ટેબલની બદલી કરાવી નાખી હતી.

પોલીસ સ્ટેશન ‘કબજે’ કરી લેવાતાં સ્થાનિક અધિકારીઓ લાચાર

આ ચૂંટાયેલા પ્રતિનિધિએ આખું પોલીસ સ્ટેશન જ જાણે પોતાના કબજામાં લઈ લીધું હોય તેમ પોલીસ વહીવટમાં સીધી દખલગીરી શરૂ કરી દીધી છે. જેના કારણે કાયદેસરની કાર્યવાહી કરવામાં સ્થાનિક પોલીસ અધિકારીઓ પણ ભારે તકલીફ અને અસમંજસ અનુભવી રહ્યા છે. આ અગાઉ પણ આ રાજકીય આગેવાને એક પોલીસ અધિકારી પાસે દર મહિને ઓફિસનો ખર્ચો માંગ્યો હોવાનો મોટો વિવાદ ઊભો થયો હતો. માત્ર ઉધના જ નહીં, પરંતુ આ પૂર્વે ખટોદરા વિસ્તારમાં પણ મહિને લાખો રૂપિયાના વહીવટની માંગણી સામે આવતાં પી.આઈ. દ્વારા ઉચ્ચ અધિકારીઓને આંગણિયા ચિંધાઈ હતી. સ્થાનિક રાજકીય નેતાઓની આવી દાદાગીરી અને પોલીસ તંત્ર પરના પ્રભાવની ફરિયાદો અનેકવાર ગાંધીનગર પ્રદેશ કક્ષા સુધી પહોંચી છે, છતાં કોઈ નક્કર પગલાં ન લેવાતાં હવે સુરતના પોલીસ સ્ટેશનોનો વહીવટ ખાખી વર્દીવાળા નહીં પણ રાજકીય આકાઓ ચલાવતા હોય તેવી સ્થિતિ નિર્માણ પામી છે.

સંતાન આપતું ઉધનાનું 500 વર્ષ જૂનું ભીડભંજન મહાદેવ મંદિર

શ્રાવણમાં મહાદેવનો મહિમા

સ્થાનિક લોકવાયકા અને દંતકથાઓ અનુસાર ઉધના ગામમાં આવેલું આ મંદિર આશરે ૫૦૦ વર્ષ કરતાં પણ વધુ જૂનું માનવામાં આવે છે. સુરત જ્યારે એક નાનું ગામડું અને બંદર હતું તે સમયથી આ શિવલિંગની પૂજા થતી આવી છે. ‘ભીડ’ એટલે સંકટ, દુઃખ કે મુશ્કેલી અને ‘ભંજન’ એટલે નાશ કરનાર. પોતાના ભક્તોના તમામ દુઃખ, તકલીફો અને સંકટો હરી લેતા હોવાથી મહાદેવનું આ સ્વરૂપ ‘ભીડભંજન મહાદેવ’ તરીકે પૂજાય છે. એવું માનવામાં આવે છે કે જે દંપતીને સંતાન પ્રાપ્ત ન થતું હોય, તેઓ અહીં આવીને મહાદેવની માનતા રાખે છે અને મહાદેવનો વિશેષ પ્રસાદ ગ્રહણ કરે છે, તો તેમની મનોકામના પૂર્ણ થાય છે.

ઉનમાં પેશાબ જેવી બાબતે બોલાચાલીમાં શ્રમિકની હત્યા

યુવાનનું અજાણ્યા શખ્સો સાથેના ઝઘડા બાદ શ્વાસ રૂંધાવાથી અથવા ગળું દબાઈ જવાથી ઘટના સ્થળે જ મોત

સુરત : ડાયમંડ અને ટેક્સટાઇલ સિટી સુરતમાં સામાન્ય બાબતોમાં લોહીયાળ ખેલ ખેલાવવાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. શહેરના ઉન વિસ્તારમાં સ્થિત ચંડાલ ચોકડી પાસે જાહેરમાં લઘુશંકા કરવા જેવી નજીવી બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કરી લેતાં ૧૮ વર્ષના એક નિર્દોષ શ્રમિક યુવકને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ ઉન ભીંડી બજાર સ્થિત સુમન શક્તિ આવાસ પાસે આવેલ હયાત નગરમાં પરિવાર સાથે રહેતો ૧૮ વર્ષીય નિતેશ ભવાનીકર ખેડેકર મજૂરીકામ કરીને પોતાના પરિવારને આર્થિક ટેકો આપતો હતો. નિતેશના પિતા પણ શ્રમકાર્ય કરીને ઘરનું ગુજરાન ચલાવે છે. રાત્રિના આશરે નવ વાગ્યાના સુમારે નિતેશ પોતાના ઘરથી આશરે ૧૦૦ મીટર દૂર આવેલી ઉન ચંડાલ ચોકડી પાસેથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે જાહેરમાં લઘુશંકા કરવા બાબતે ત્યાં ઊભેલા કેટલાક અજાણ્યા શખ્સો સાથે તેને ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ બોલાચાલી દરમિયાન જ નિતેશ અચાનક ચક્કર આવીને જમીન પર પટકાઈ પડ્યો હતો. ગંભીર હાલતમાં નિતેશને સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત થયું હતું.

પીએમમાં થયો હત્યાનો ખુલાસો

બનાવની ગંભીરતાને ધ્યાને રાખી ભેસ્તાન પોલીસે મૃતક નિતેશના મૃતદેહનું નવી સિવિલ હોસ્પિટલ ખાતે ફોરેન્સિક પેનલ પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. પીએમ કરનાર ફોરેન્સિક નિષ્ણાત ડો. ચંદ્રેશ ટેલરના જણાવ્યા અનુસાર, યુવકના શરીર પર હાથ અને પગના ભાગે સામાન્ય ઈજાના નિશાનો મળી આવ્યા હતા. તે સિવાય તેનું ગળું દબાવી દેવાતાં શ્વાસ રૂંધાઈ જવાથી મોત નિપજ્યું હોવાનું સ્પષ્ટ થયું હતું. ગળું દબાવીને હત્યા કરાઈ હોવાનું સામે આવતાં જ પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

આ ગેરેજ ખૂલે ત્યારથી કૂતરાં બેસી રહે છે

■ આ જગ્યા જોતા પ્રથમ દ્રષ્ટીએ કૂતરાઓનું શેલ્ટર હોમ લાગે છે પરંતુ એવું નથી. ગાંધી ચોક સ્થિત જમનાવેણીના અખાડાની બાજુમાં આવેલા ગેરેજની આ તસવીર છે. જે ખૂલે છે ત્યારથી જ અહીં એક બે નહીં પણ દશથી પંદર કૂતરા આવી જાય છે અને ગેરેજ બંધ થયા પછી જ જાય છે. **(તસવીર : હેમંત ડેરે)**

સંક્ષિપ્ત સમાચાર

રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા ગનીભાઈ દહીંવાળાની જન્મ જ્યંતી ઉજવવામાં આવી

સુરતઃ રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા ગનીભાઈ દહીંવાળા જન્મ જ્યંતિ તા. ૧૭.૮.૨૦૨૬ ના રોજ “એકમેકના મન સુધી” વજુભાઈ ટાંક હોલમાં ઉજવવામાં આવી. રઈશ મનીઆર દ્વારા સંચાલિત કવિ સંમેલનમાં હરીશ ઠક્કર અને હર્ષવી પટેલે પોતાની રચનાઓ રજુ કરી હતી. આદિત્ય નાયકે ગનીભાઈ દહીંવાળાની ગઝલ અને ગીતોની સૂરમય રજૂઆત કરી હતી. પ્રમુખ રૂપીન પચ્ચીગરે જણાવ્યુ કે રાષ્ટ્રીય કલા કેન્દ્રના સ્થાપકોમાંના એક, ગનીભાઈએ વજુભાઈ ટાંક હોલને ગઝલનું ઘર બનાવી દીધું હતું. અને એટલે તેઓ ગઝલ બુલબુલ તરીકે પણ જાણીતા થયા. આ પ્રસંગે ગનીભાઈના પૌત્ર યુનુસભાઈનુ સન્માન કરવામાં આવ્યુ હતુ. યામિની વ્યાસ, પૂર્ણિમા ભટ્ટ, નરેશ કાપડિયા, હિમાંશુ ભટ્ટ, પ્રવિણ સરાધિયાએ પ્રાસંગિક વિધિઓ કરી હતી. ભરત ભાવસારે આભારવિધિ આટોપી હતી.

જીવરાજ9 ટી ગ્રુપે આસામના મુખ્યમંત્રી રિલીફ ફંડમાં 12.5 લાખનું યોગદાન આપ્યું

સુરતઃ જીવરાજ9 ટી ગ્રુપે આસામ રાજ્યમાં તાજેતરના પૂરથી પ્રભાવિત સમુદાયો માટે રાહત અને પુનર્વસનના કાર્યમાં મદદ કરવા માટે આસામ મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂ.12.5 લાખનું યોગદાન આપ્યું છે. જીવરાજ9 ટી ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, વિરેન શાહે જણાવ્યું હતું કે, “મુખ્યમંત્રી રાહત ફંડમાં અમારું યોગદાન, એ અમારા તરફથી એક નાનો પ્રયાસ છે.” જીવરાજ9 ટી ગ્રુપના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, પથિક શાહે જણાવ્યું હતું ‘અમે શક્ય બને તેટલા સામૂહિક રાહત પ્રયાસમાં યોગદાન આપવા માટે ઉત્સુક છીએ.

JITO પ્રીમિયર લીગ માટે ‘ગુજરાત ગ્લેડિયેટર્સ’ ટીમ-જર્સીનું લોન્ચિંગ

સુરતઃ JITO પ્રીમિયર લીગ (JPL) 2026 માટે ‘ગુજરાત ગ્લેડિયેટર્સ’ની ટીમ અને જર્સીનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. 24 ઓગસ્ટથી 5 સપ્ટેમ્બર દરમિયાન કોલંબો, શ્રીલંકામાં યોજાનારી લીગમાં ગુજરાત ગ્લેડિયેટર્સ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર પાર્થિવ પટેલને ટીમના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવ્યા છે. ટીમના માલિક નીતિન મહેતાએ જણાવ્યું હતું કે ભારતમાંથી 300થી વધુ ખેલાડીઓમાંથી 25 ખેલાડીઓની અંતિમ ટીમ પસંદ કરવામાં આવી છે.

RMG માહેશ્વરી સ્કૂલ, લાડવી ખાતે SGFI કરાટે સ્પર્ધાનું આયોજન થયું

લાડવીઃ SGFIના ઉપક્રમે આર.એમ. જી. માહેશ્વરી ઈંગ્લિશ સ્કૂલ, લાડવી પરિસરમાં આયોજિત ત્રણ દિવસીય આંતર-શાળા કરાટે ટુર્નામેન્ટ (17 ઓગસ્ટથી 19 ઓગસ્ટ) નો આજે સમાપન થયું હતું. સ્પર્ધાનો પ્રારંભ 17 ઓગસ્ટના રોજ દીપ પ્રજ્વલન અને મહેમાનોના સ્વાગત સાથે થયો. ત્રણ દિવસ સુધી ચાલેલી આ આયોજનમાં વિવિધ વય અને વજન જૂથો (Under-14, Under-17, Under-19) હેઠળ ‘કુમિતે’ (ફાઇટિંગ) સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. 19 ઓગસ્ટના રોજ આયોજિત સમાપન સમારોહમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા ખેલાડીઓને સુવર્ણ, રજત અને કાંસ્ય મેડલ તથા પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાના વિજેતા ખેલાડીઓ રાજ્ય કક્ષાની SGFI કરાટે સ્પર્ધામાં પ્રતિનિધિત્વ કરશે.

અમેરિકામાં ગાંધીજી, સરદાર તથા નેહરુના વેશમાં સ્વતંત્ર દિવસ ઉજવાયો

સુરતઃ ઇન્ડિયન એસોસિયેશન ઓફ સેક્રેમેન્ટો દ્વારા 15મી ઓગસ્ટે સ્વતંત્રતા દિવસે ‘ઇન્ડિયા ડે’ તરીકે ઉજવણીમાં આઝાદીના લડવૈયાઓને યાદ કરીને તેઓના માનમાં રાષ્ટ્રગીત ગાવામાં આવ્યું હતું. સાથે સાથે ઇન્ડિયા ડેની પરેડમાં ગાંધીજી તરીકે ડો. ચંદ્રેશ જરદોશ, સરદાર પટેલ તરીકે ડો. વિજય પરીખ, જવાહરલાલ નેહરૂ તરીકે મુકુંદ વ્યાસ, શહીદ ભગતસિંહ તરીકે કિશોર પટેલ, બાળ ગંગાધર ટિળક તરીકે સદાશિવ પાટીલ વેશભૂષામાં આવ્યા હતા. ઉપરાંત ગુજરાતી સિનિયર પુરુષ-સ્ત્રીઓએ તથા બાળકોએ અલગ અલગ ડાન્સ રજૂ કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ જગન, સતીશ, ભાસ્કર જય, અનુ તથા નિરૂપાએ જહેમત ઉઠાવી હતી. જુદી જુદી રમતના વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા.

ડિંડોલીના ખેડૂત સાથે બોગસ પાવરથી પ્લોટ્સ પચાવી પાડવાનું કૌભાંડ

તાપી જિલ્લાના વ્યારા, કટાસવાણ અને કાનપુરાના ૭૩ પ્લોટ પચાવી પાડ્યા:૫ લોકો સામે ફરિયાદ

બોગસ દસ્તાવેજો, વકીલ અને ડ્રાઇવરની મદદથી આચરવામાં આવ્યું કરોડોનું સંગઠિત કૌભાંડ

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં રહેતા ખેડૂત પરિવારની કરોડો રૂપિયાની કિંમતી જમીનના બદલામાં અન્ય મિલકતો આપવાની લાલચ આપી, બોગસ પાવર ઓફ એટર્ની તેમજ બનાવટી સહીઓ અને અંગૂઠાના નિશાનનો ઉપયોગ કરી વ્યારા તથા આસપાસના વિસ્તારોના ૭૩ જેટલા કિંમતી પ્લોટો પચાવી પાડવાનું મોટું કૌભાંડ સામે આવ્યું છે.ડિંડોલીના ટાંકી ફળિયામાં પરિવાર સાથે રહેતા ૩૩ વર્ષીય મૃણાલ મનીષભાઈ નાયકે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની ડિંડોલી સ્થિત બ્લોક નં. ૨૫૧ વાળી વડીલોપાર્જિત જમીન વેચીને અન્ય જગ્યાએ મિલકત ખરીદવી હતી. આથી આશરે પાંચ વર્ષ પહેલાં પરિચયમાં આવેલા મનીષ છોટુભાઈ શાહ સાથે જમીનનો સોદો કરી તેના અવેજમાં તાપી જિલ્લાના વ્યારા, કટાસવાણ, કાનપુરા અને કાટગઢ ખાતે મોટી સંખ્યામાં પ્લોટો મેળવ્યા હતા. દરમિયાન આ મિલકતો સુરતથી દૂર પડતી હોવાથી તેને વેચી સુરત નજીક સારી જગ્યાએ જમીન ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરતા હિતેષ ઉર્ફે હનુમાન પુરોહિત નામના શખ્સે પરિવારનો વિશ્વાસ જીત્યો હતો. હનુમાને પોતાના વકીલ મિત્ર દીપક પ્રજાપતિ (ઓફિસઃ ભટાર ચાર રસ્તા) અને ડ્રાઇવર રાકેશ રશિકભાઈ પરમાર સાથે મળીને ખેડૂત પરિવારને મલેકપોર, ખેરગામ, તલાસરી અને દમણ ખાતે જમીન તથા ફ્લેટ આપવાના ઝાંસા આપ્યા હતા. આરોપીઓએ ફેબ્રુઆરી ૨૦૨૦ દરમિયાન ફરિયાદીના માતા નયનાબેનને વકીલની ઓફિસે બોલાવી સોગંદનામા અને નોટરીના ચોપડામાં સહી-અંગૂઠા કરાવી લીધા હતા. ત્યારબાદ વિપુલ પાર્કના ૫ પ્લોટ અને કટાસવાણના ૫૬ પ્લોટ રાકેશ પરમાર તથા અન્યના નામે ટ્રાન્સફર કરાવી લીધા હતા. કટાસવાણના પ્લોટો માટે દર્શાવેલા રૂ. ૨૦.૫૦ લાખના બેંક ચેકો પણ આપ્યા નહોતા.આટલું જ નહીં, આરોપીઓએ ફરિયાદીના માતા નયનાબેનના નામનો ફોર્જડ પાવર ઓફ એટર્ની ઊભો કર્યો હતો. જેના પર નોટરીની સહી કે સિક્કા પણ નહોતા. આ બોગસ પાવરના આધારે કાનપુરાના ૧૨ પ્લોટ ત્રાહિત વ્યક્તિઓને વેચી મારી કરોડોની મિલકત હડપ કરી લીધી હતી. આ કૌભાંડમાં સામે આવેલી મલેકપોરની જમીન પણ આરોપીઓના નામે ન હોવાનું તપાસમાં ખૂલ્યું હતું. છેતરપિંડીનો પર્દાફાશ થતાં આરોપીઓએ માર્ચ ૨૦૨૨માં ૧ મહિનામાં મિલકતોના દસ્તાવેજ કરી આપવાનો સમજુતી કરાર કરી બાહેધરી ચેકો આપ્યા હતા, જે પણ બેંકમાંથી રિટર્ન થયા હતા.તપાસ દરમિયાન મુખ્ય સૂત્રધાર હનુમાન પુરોહિત સામે નવસારીના મરોલી પોલીસ સ્ટેશનમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ પણ ગુનો નોંધાયેલો હોવાનું બહાર આવ્યું છે. ખટોદરા પોલીસે આરોપીઓ હિતેષ ઉર્ફે હનુમાન સરદારજી પુરોહીત(રહે,સુર્યા કોમ્પલેક્સ, અણુવ્રત દ્વાર પાસે, સિટીલાઇટ, રોડ) તથા રાકેશભાઇ રસીકભાઇ પરમાર (રહે,પરીનીલ એપાર્ટમેન્ટ, સુભાષ ચોક પોસ્ટ ઓફીસ પાસે, ગોપીપુરા) સામે ગુનાહિત વિશ્વાસઘાત, છેતરપિંડી અને કાવતરાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

૮૮ લાખ સામે 1 કરોડના બે ફ્લેટ લખાવી લીધા બાદ પણ ધમકી

ચક્રવૃદ્ધિ વ્યાજ ચઢાવી ૧૫ બંગલા અને રૂ. ૬.૫૦ કરોડની માંગણી કરનાર સામે ગુનો

સુરતઃ ‘જો મારી માંગણી પૂરી નહીં કરે તો ખોટા કેસમાં ફસાવી દઈશ અને ૫ હજાર રૂપિયામાં તો ટ્રકવાળા મળે છે, તને રોડ પર ઉડાવી દઈ જાનથી મારી નાખીશ’આવી ભયાનક ધમકી આપીને ડભોલીના એક યુવાન બિલ્ડર તથા તેમના પિતાજી પાસે કરોડો રૂપિયાની પઠાણી ઉઘરાણી કરનાર કતારગામના અસામાજિક વ્યાજખોર સામે આખરે સિંગણપોર-ડભોલી પોલીસ સ્ટેશનમાં ગંભીર ગુનો નોંધાયો છે.ડભોલી ગામ ખાતે આવેલ ‘સરોવર વ્યુ’માં રહેતા અને કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા ૩૩ વર્ષીય ઈશાન ઘનશ્યામભાઈ કેવડિયા તથા તેમના પિતાજીએ વર્ષ ૨૦૧૬થી આજદિન સુધી કતારગામ સ્થિત આર.જે. ડી. બિઝનેસ હબ પાસે રહેતા કિરીટભાઈ નાથુભાઈ વાઘાણી પાસેથી નાણાં લીધા હતા. ગત ૧૮ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બંને પક્ષો વચ્ચે નાણાકીય હિસાબ થતા ઈશાનભાઈ તથા તેમના પિતાજીએ કિરીટ વાઘાણીને કુલ રૂ. ૮૮,૧૦,૦૦૦ આપવાના બાકી નીકળતા હતા. જેની વસુલાત માટે આરોપી કિરીટ વાઘાણીએ ધાકધમકી આપી તેમના પ્રોજેક્ટના બે ફ્લેટ તેના સાગરીત દિલીપભાઈ વીરાણીના નામે લખાવી લીધા હતા. વાસ્તવમાં એક ફ્લેટની બજાર કિંમત રૂ. ૫૦ લાખ લેખે બંને ફ્લેટની કુલ કિંમત રૂ. ૧ કરોડ થતી હતી, પરંતુ આરોપીએ દાબ-દબાણ ઊભું કરી આ બંને ફ્લેટ માત્ર રૂ. ૫૦ લાખમાં પચાવી પાડી વેચાણ દસ્તાવેજ કરાવી લીધો હતો. રૂ. ૮૮.૧૦ લાખના લેણાં સામે ૧ કરોડની મિલકત લીધા પછી પણ કિરીટ વાઘાણીએ ૩૮.૧૦ લાખ બાકી નીકળે છે તેમ કહી તેના પર વ્યાજનું વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજ ચઢાવવાનું શરૂ કરી દીધું હતું. આરોપી અવારનવાર બિલ્ડરના ઘરે તથા ઓફિસે પહોંચી જઈ ત્રાસ આપતો હતો. તેણે હિસાબની માંડવાળ પેટે ઈશાનભાઈના ‘સર્જનવીલા’ પ્રોજેક્ટમાંથી ૧૦ થી ૧૫ બંગલા અથવા ક્યારેક રૂ. ૧.૮૯ કરોડ તો ક્યારેક રૂ. ૬.૫૦ કરોડ જેવી માતબર રકમની ગેરકાયદે માંગણી કરી હતી.

પુણાગામ પ્રેમ-પ્રકરણમાં યુવકે મોત વ્હાલું કર્યું

સુરતઃ પુણાગામ પ્રેમ પ્રકરણમાં યુવકે ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મૂળ ભાવનગરના મહુવા તાલુકાના વતની જયેશ લાખાભાઈ સોલંકી (ઉં.વ.18) હાલમાં પુણાગામ બુટ ભવાની રોડ પર આવેલ અંજની સોસાયટીમાં મામા સાથે રહેતો હતો અને માર્કેટમાં સાડી ફોલ્ડિંગનું કામ કરી વતનમાં રહેતા પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. આજે વહેલી સવારે જયેશે ઘરમાં ઝેર પી લીધું હતું. બનાવની જાણ થતાં તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન જયેશનું મોત નીપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં જયેશે પ્રેમ-પ્રકરણમાં આપઘાતનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે વધુ તપાસ પુણા પોલીસ કરી રહી છે.

મામાનો દીકરો જ રૂ. ૮૩ હજારની સાડી ચોરી ગયો

સુરતઃ મૂળ રાજસ્થાનના નાગોરના વતની અને હાલ આઈમાતા રોડ પર વિજયનગર સોસાયટીમાં રહેતા ૩૪ વર્ષીય શોભાનાથ મતાનાથ યોગી છેલ્લા એકાદ વર્ષથી પુણાગામ મુક્તિધામ સોસાયટીના ખાતા નં. ૮૨ માં સાડી પર જોબવર્ક કરે છે. આઠ મહિનાથી તેમણે ત તેમના સગા મામાના દીકરા લક્ષ્મણનાથ દેવાનાથ યોગી (રહે. મુક્તિધામ સોસાયટી પુણાગામ) સાથે રાખ્યો હતો. ઘરે બીમારીનું કામ હોવાથી કહી તે હિસાબ લઇને નીકળી ગયો હતો. બીજા દિવસે તેમણે તપાસ કરતા ખાતામાંથી રૂ. ૮૩,૮૪૦ કિંમતનો માલ ગાયબ હતો. જે તેણે લોટમાં વેચી દીધો હોવાનું બહાર આવતા પોલીસ ફરિયાદન નોંધાઇ છે.

નશામાં આ બાળક મારૂ નથી કહી પત્નીની મારઝૂડ

પરિણીતાને ત્રાસ આપતા જલગાંવના સાસરિયા સામે ગુનો

સુરતઃ પાલનપુર પાટિયા વિસ્તારમાં પિયરમાં રહેતી ૨૮ વર્ષીય પરિણીતાને ત્રાસ આપનારા સામે મહિલા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

પાલનપુર પાટિયા મશાલ સર્કલ પાસે પિયરમાં રહેતી ૨૮ વર્ષીય નીતુબેનના લગ્ન માર્ચ-૨૦૧૫માં મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના ભડગામ તાલુકાના પીંપળખેડ ગામે રહેતા જીતેન્દ્ર દૌલત નિકમ સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને ૮ વર્ષની દીકરી જયશ્રી અને ૪ વર્ષનો દીકરો અભિમન્યુ છે. લગ્નના એક વર્ષ બાદ સાસુ જીજાબાઈ અને સસરા દૌલત ભીકા નિકમે ઘરકામ બાબતે ઝઘડા કરી દહેજના મહેણાં-ટોણા મારવાનું શરૂ કર્યું હતું. સાસરિયાઓ કહેતા કે ‘અમારે તારા લગ્ન કોઈ સુંદર સ્ત્રી સાથે કરાવવા છે જે લાખો રૂપિયા દહેજ અને ગાડી લાવે.’ આટલું જ નહીં, દીકરીના જન્મ સમયે પતિ જીતેન્દ્રે ‘આ બાળક મારું નથી’ કહી શંકા વ્યક્ત કરી મારઝૂડ કરી હતી. બીજી પ્રેગ્નન્સી વખતે પણ માંદગી દરમિયાન સારવાર કરાવવાને બદલે પિયર મોકલી દેવાની ધમકીઓ આપી હતી. પતિ દારૂની ફૂટેવ ધરાવતો હોય અને અવારનવાર મારઝૂડ કરતો હોવાથી, આશરે ત્રણ વર્ષ પહેલાં તેને સુધારવાના આશયથી પરિણીતા પતિને સુરત ભાડાના મકાનમાં લઈ આવી હતી. જોકે, સુરતમાં પણ પતિએ દારૂ પીવાનું ચાલુ રાખી પત્ની અને બાળકોને નિરાધાર છોડી ગામ જતો રહ્યો હતો. આશરે ત્રણ મહિના અગાઉ પતિ સુરત આવ્યો હતો અને હવે સુધરી ગયો છે તેમ કહી ચાર દિવસ સાથે રહ્યો હતો. પરંતુ પત્ની નોકરી પર ગઈ ત્યારે પતિ ૪ વર્ષના માસૂમ પુત્ર અભિમન્યુને પત્નીની જાણ બહાર છાનોમાનો લઈ ગામ જતો રહ્યો હતો અને પુત્ર પરત આપવાની તથા પત્ની-દીકરીને સાથે રાખવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. વારંવારના શારીરિક-માનસિક ત્રાસ, દહેજ માટેનું દબાણ અને પુત્રને બળજબરીથી લઈ જવા અંગે આખરે પરિણીતાએ સુરત મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ જીતેન્દ્ર નિકમ, સસરા દૌલત નિકમ અને સાસુ જીજાબાઈ નિકમ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.